ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૧ તા.૦૬.૦૭.૨૦૧૮

----------------

**શ્રધ્ધેયશ્રી ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જીની ૧૧૮મી જન્મજયંતિ નિમિત્તે પ્રદેશ કાર્યાલય "શ્રી કમલમ્" ખાતે પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઇ વાઘાણી, રાષ્ટ્રીય સહસંગઠન મહામંત્રીશ્રી વી. સતીષજી, પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઇ દલસાણીયા અને પ્રદેશના આગેવાનોએ પુષ્પાંજલી અર્પણ કરી ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જીનું સ્મરણ કર્યુ હતું**

----------------

ગુજરાત પ્રદેશ ભાજપા મીડિયા સેલની એક અખબારી યાદી જણાવે છે કે, આજરોજ શ્રધ્ધેયશ્રી ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જીની ૧૧૮મી જન્મજયંતિ નિમિત્તે પ્રદેશ કાર્યાલય "શ્રી કમલમ્" ખાતે પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઇ વાઘાણી, રાષ્ટ્રીય સહસંગઠન મહામંત્રીશ્રી વી. સતીષજી, પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઇ દલસાણીયા અને પ્રદેશના આગેવાનોએ પુષ્પાંજલી અર્પણ કરી ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જીનું સ્મરણ કર્યુ હતું. ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જી પ્રખર રાષ્ટ્રવાદી નેતા, મહાન ચિંતક, શિક્ષણવિદ્ જનસંઘના સંસ્થાપક અધ્યક્ષ હતા.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૨ તા.૦૬.૦૭.૨૦૧૮

---------------

## પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઇ વાઘાણીની અધ્યક્ષતામાં અને રાષ્ટ્રીય સહસંગઠન મહામંત્રીશ્રી વી.સતીષજીની વિશેષ ઉપસ્થિતિમાં ગુજરાત પ્રદેશ ભાજપાના વિવિધ મોરચાના અધ્યક્ષ/મહામંત્રી સાથેની એક અગત્યની બેઠક યોજાઇ

---------------

ભાજપા પ્રદેશ પ્રવક્તાશ્રી ભરત પંડ્યાએ પ્રદેશ કાર્યાલય “શ્રી કમલમ્” ખાતે ઈલેક્ટ્રોનિક મીડિયાના પત્રકારમિત્રો સાથે વાતચીત કરતાં જણાવ્યુ હતુ કે, ૧૭મી જુનના રોજ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી અને રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહની વિશેષ ઉપસ્થિતિમાં ભાજપાના તમામ મોરચાઓની સંયુક્ત કારોબારી યોજાઇ હતી. તેના અનુસંધાને આજરોજ પ્રદેશ કાર્યાલય “શ્રી કમલમ્” ખાતે ગુજરાત ભાજપાના પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઇ વાઘાણીની અધ્યક્ષતામાં અને રાષ્ટ્રીય સહસંગઠન મહામંત્રીશ્રી વી.સતીષજી તથા પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઇ દલસાણીયાની વિશેષ ઉપસ્થિતિમાં ગુજરાત ભાજપાના સાત મોરચા જેવા કે, યુવા મોરચો, મહિલા મોરચો, અનુસૂચિત જનજાતિ મોરચો, અનુસૂચિત જાતિ મોરચો, કિસાન મોરચો, લઘૂમતિ મોરચો અને બક્ષીપંચ મોરચાના પ્રમુખ-મહામંત્રી સાથેની એક અગત્યની બેઠક યોજાઇ હતી.

શ્રી પંડ્યાએ વધુમાં જણાવ્યુ હતુ કે, આજની આ બેઠકમાં દરેક મોરચાએ પ્રદેશથી લઈને મંડલ સુધીના સંગઠનાત્મક કાર્યક્રમોનું રીપોર્ટીંગ કર્યુ હતું. સંગઠનની પ્રદેશથી મંડલ સુધીની રચના અંગે માર્ગદર્શન આપવામાં આપ્યુ હતું. કેન્દ્ર અને રાજ્ય સરકારની સિધ્ધિઓનો નીચે સુધી પ્રચાર-પ્રસાર અંગે વિચાર-વિમર્શ કરવામાં આવ્યો હતો. છેવાડાના માનવી સુધી કેન્દ્ર તથા રાજ્ય સરકારની યોજનાઓ પહોચે તે માટે સેતુરૂપ કામગીરી અંગેનું માર્ગદર્શન આપવામાં આવ્યુ હતું. હવે આગામી સમયમાં સાત મોરચાના વર્કશોપ યોજાશે તેમજ આગામી કાર્યક્રમો અંગેની રૂપરેખા તૈયાર કરવામાં આવશે તેમ શ્રી પંડ્યાએ જણાવ્યુ હતું.

આજની આ બેઠકમાં પ્રદેશ ઉપાધ્યક્ષશ્રીઓ શ્રી ભાર્ગવભાઇ ભટ્ટ, શ્રી ગોરધનભાઇ ઝડફીયા, મહામંત્રીશ્રીઓ શ્રી કે.સી.પટેલ, શ્રી ભરતસિંહ પરમાર, શ્રી શબ્દશરણભાઇ બ્રહ્મભટ્ટ તથા પ્રદેશ પ્રવક્તાશ્રી ભરત પંડ્યા, કેબીનેટ મંત્રીશ્રી કૌશીકભાઇ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ